83 ક્રી.૭૫

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન જિ.નવસારી ના મકાન બાંધકામ માટે નકશા અને અંદાજોને આધારે સુધારેલ વહીવટી મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૧૩-ભવન-નવસારી-બ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬/૧/૨૦૧૪.

S. J. & E. DEPTT
9 JAN 2014
No. ૨૬૫૫૩

**વંચાણે લીધાઃ**

(૧) માર્ગ અને મકાન વિભાગના તા.૭-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રઃ બીડીજી- ૫૨-૨૦૧૩ -૩૩૨૭-ન

**ઠ રા વઃ**

જીલ્લા કક્ષાએ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, જિ. નવસારી ખાતે ભવનના બાંધકામ માટે આમુખ ક્રમાંકઃ૧ માં માર્ગ અને મકાન વિભાગના તા.૭-૧૨-૧૩ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા-અંદાજોની દરખાસ્ત રજુ કરેલ જે મુજબ સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, જિ.નવસારી ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૨,૪૨,૦૩,૫૦૦/- (અંકે રુપિયા બે કરોડ બેતાલીસ લાખ ત્રણ હજાર પાંચસો પુરા) ના નકશા-અંદાજોને નીચેની શરતોને આધીન સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૩-૧૪ ના બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગે આગામી વર્ષ પુરતી બજેટ જોગવાઇ નિયામકશ્રીએ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ કામ અંગે નિયત ટેન્ડર/ઇ-ટેન્ડરીંગની પ્રક્રિયા ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ- ૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬માં જણાવ્યા મુજબ કરવાની રહેશે.

(૫) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. બચત રહેતી રકમનો અન્ય રીતે ઉપયોગ ન કરતા બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ અંગે અગાઉ જમીન મળેલ ન હોવાથી નવી સેવાની દરખાસ્ત રજુ થયેલ નથી. જેથી પુરક માંગણી વખતે આ અંગે નિયમોનુસાર જરૂરી પુરક માંગણી રજુ કરી વિધાનસભાને ધ્યાને લાવવાની રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – ૦૩- પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૦૧) – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧-૧૨-૨૦૧૩ ની મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.નવસારી
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.નવસારી.
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.નવસારી.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત જિ. નવસારી.
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
સીલેકટ ફાઇલ.